**(1) 'ગ્લોબલ રિપોર્ટ ઓન ઈન્ટર્નલ ડિસપ્લેસમેન્ટ 2020' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ રિપોર્ટ યુનાઈટેડ નેશન્સ દ્વારા જાહેર કરવામાં આવે છે.
(2) વિશ્વમાં સૌથી વધુ સ્થાનાંતર (ડિસપ્લેસમેન્ટ) ચીનમાં થયું છે.
(3) ભારતમાં સ્થાનાંતરના મુખ્ય કારણોમાં આફતની વધતી જતી તીવ્રતા, વધુ વસતી અને સામાજિક–આર્થિક સંવેદનશીલતા છે.
(4) વિશ્વમાં સંઘર્ષ (Conflict), હિંસા અને આપત્તિઓના કારણે આશરે 5.8 મિલિયન લોકો વર્ષ 2019ના અંત સુધીમાં સ્થાનાંતરીત થયા છે.

(A) માત્ર (1), (2) અને (4)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં નોર્વેજીયન રેફ્યુજી કાઉન્સિલની IDMC નામની સંસ્થા દ્વારા 'ગ્લોબલ રિપોર્ટ ઓન ઈન્ટર્નલ ડિસપ્લેસમેન્ટ 2020' બહાર પાડવામાં આવેલ છે. IDMCનું પૂરું નામ ઈન્ટર્નલ ડિસપ્લેસમેન્ટ મોનિટરીંગ સેન્ટર છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ વિશ્વમાં સૌથી વધુ સ્થાનાંતર ભારતમાં થયું છે. વર્ષ 2019માં ભારતમાં આશરે 50 લાખ લોકો સ્થાનાંતર થયા છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ ભારતમાં આ સ્થાનાંતરના મુખ્ય કારણોમાં આફત કે આપત્તિની વધતી જતી તીવ્રતા, વધુ વસતી અને સામાજિક–આર્થિક સંવેદનશીલતા છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ભારતમાં દક્ષિણ–પશ્ચિમ ચોમાસાના કારણે 26 લાખથી વધુ લોકો સ્થાનાંતરીત થયેલા છે. ઉપરાંત ફની અને બુલબુલ જેવા ચક્રવાત દ્વારા પણ સ્થાનાંતરમાં વધારો જોવા મળ્યો હતો.

⇛ વિશ્વમાં સંઘર્ષ, હિંસા અને આપત્તિઓના કારણે આશરે 50.8 મિલિયન લોકો વર્ષ 2019ના અંત સુધીમાં સ્થાનાંતરીત થયા હતાં. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આંતરિક સ્થળાંતર : સંઘર્ષ, હિંસા, વિકાસલક્ષી પ્રોજેક્ટ, આપત્તિ અને આબોહવા પરિવર્તનના કારણે લોકો મજબૂરીના લીધે પોતાના જ દેશમાં જે સ્થળાંતર કરે છે તેને આંતરિક સ્થળાંતર કહે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (ILO) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) ILOના જણાવ્યા અનુસાર કોરોના વાયરસના કારણે વિશ્વના 160 કરોડ લોકોની રોજગારીને નુકશાન થયેલું છે.
(2) વિશ્વમાં કુલ 330 કરોડ જેટલાં લોકો રોજગાર ધરાવે છે જે પૈકી 200 કરોડથી વધુ લોકો અનઔપચારિક ક્ષેત્ર (Informal Sector)માં કાર્ય કરે છે.
(3) ILOની સ્થાપના વર્ષ 1919માં 'ટ્રીટી ઓફ વર્સેલીસ' હેઠળ કરવામાં આવી હતી.
(4) તેનું વડું મથક જીનીવામાં આવેલું છે.

(A) માત્ર (3) અને (4)
(B) માત્ર (1) અને (2)
(C) માત્ર (1), (2) અને (3)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ તાજેતરમાં આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠને જણાવ્યું છે કે કોરોના વાયરસના કારણે વિશ્વની રોજગાર ધરાવતી પ્રજા પૈકી અડધાં લોકોની રોજગારી સમક્ષ ખતરો ઊભો થયો છે.

⇛ વિશ્વમાં કુલ 330 કરોડ જેટલાં લોકો રોજગાર ધરાવે છે જે પૈકી 200 કરોડથી વધુ લોકો અનઔપચારિક ક્ષેત્ર સાથે જોડાયેલાં છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ અનઔપચારિક ક્ષેત્રના આશરે 75% અને કુલ રોજગારના અડધા લોકો એટલે કે, આશરે 160 કરોડ લોકોની રોજગારીને COVID-19ના લોકડાઉનને કારણે નુકશાન થયું છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ ILOની સ્થાપના વર્ષ 1919માં 'ટ્રીટી ઓફ વર્સેલીસ' હેઠળ કરવામાં આવી હતી. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ વર્ષ 1946માં તે સંયુક્ત રાષ્ટ્ર સાથે જોડાયેલી પ્રથમ વિશિષ્ટ સંસ્થા બની હતી.

⇛ ILOનું વડુંમથક સ્વિત્ઝર્લેન્ડના જીનીવા શહેરમાં આવેલું છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (3) 'એરો ઈન્ડિયા' (Aero India) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે દર વર્ષે યોજાતો આંતરરાષ્ટ્રીય સૈન્ય તથા નાગરિક એર–શો (Airshow) છે.
(2) વર્ષ 2021 માટેની 'એરો ઈન્ડિયા'ની આવૃત્તિનું આયોજન કર્ણાટકમાં કરવામાં આવશે.
(3) વર્ષ 2019ની 'એરો ઈન્ડિયા'ની આવૃત્તિનું આયોજન 'HAL' દ્વારા કરવામાં આવ્યું હતું.
(4) વર્ષ 2021ની આવૃત્તિનું આયોજન DRDO દ્વારા કરવામાં આવશે.

(A) માત્ર (1), (2) અને (4)   (B) માત્ર (2) અને (3)
(C) માત્ર (2), (3) અને (4)   (D) આપેલ તમામ

⇒ જવાબ :- B

**સમજૂતી :**

⇒ તાજેતરમાં રક્ષા મંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું છે કે, એરો ઈન્ડિયાની 13મી આવૃત્તિનું આયોજન યેલહાંકા એર ફોર્સ સ્ટેશન, કર્ણાટકમાં 3થી 7 ફેબ્રુઆરી, 2021માં કરવામાં આવશે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇒ એરો ઈન્ડિયા એ દર બે વર્ષે યોજાતો આંતરરાષ્ટ્રીય સૈન્ય તથા નાગરિક એર–શો છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇒ આ કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય તથા ભારતીય સૈન્ય તથા નાગરિક એરક્રાફ્ટ બનાવનારાઓ, તેને સંલગ્ન ઉદ્યોગો, સરકારી લોકો અને વેપારીઓ મુલકાતે આવે છે.

⇒ વર્ષ 2021ના એરો ઈન્ડિયાનું આયોજન રક્ષા મંત્રાલય હેઠળ આવેલી ડિફેન્સ એક્ઝીબિશન ઓર્ગેનાઈઝેશન દ્વારા કરવામાં આવશે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇒ વર્ષ 2019ની આવૃત્તિનું આયોજન હિન્દુસ્તાન એરોનોટીક્સ લિમિટેડ (HAL) દ્વારા કરવામાં આવ્યું હતું. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) મેકોંગ નદી વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે તિબેટના ઉચ્ચપ્રદેશમાંથી ઉદ્દભવે છે.
(2) તે છ દેશમાંથી પસાર થાય છે.
(3) આ નદીમાં પરિવહન લગભગ બારેમાસ સહેલાઈથી થઈ શકે છે.
(4) દક્ષિણ–પૂર્વી એશિયાઈ દેશો માટે આ નદી જીવાદોરી સમાન છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (1), (2) અને (4)
(C) માત્ર (2), (3) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ મેકોંગ નદી દક્ષિણ–પૂર્વ એશિયાની મુખ્ય નદી છે. તેની લંબાઈ આશરે 4350 km છે.

⇛ તે વિશ્વની 12માં ક્રમની અને એશિયાની 7માં ક્રમની સૌથી લાંબી નદી છે.

⇛ તેનો ઉદ્દભવ તિબેટના ઉચ્ચપ્રદેશ પરથી થાય છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તે કુલ 6 દેશમાંથી પસાર થાય છે : ચીન, મ્યાનમાર, લાઓસ, થાઈલેન્ડ, કમ્બોડીયા અને વિયેતનામ (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ નદીમાં ઋતુ અનુસાર પાણીના પ્રવાહમાં ખૂબ જ બદલાવ આવે છે તથા તેમાં ઘણાં બધાં જળધોધ રહેલાં હોવાથી તેમાં પરિવહન કઠિન છે. આમ છતાં ચીન અને દક્ષિણપૂર્વ એશિયાના દેશો વચ્ચેનો તે એક વ્યાપારી માર્ગ છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ દક્ષિણપૂર્વ એશિયાના આશરે 20 કરોડ લોકો આ નદી પર નભે છે કારણ કે આ લોકોની ખેતી તથા માછીમારી માટે આ નદી મુખ્ય છે. આથી, આ દેશો માટે આ નદી જીવાદોરી સમાન છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) અલ્ઝાઈમર રોગ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે એક પ્રકારનો 'ન્યુરો–ડિજનરેટીવ' રોગ છે.

(2) આ રોગનું મુખ્ય લક્ષણ વસ્તુ કે અન્ય ઘટનાને ભૂલવાનું છે.

(3) સામાન્ય રીતે આ રોગ 65 વર્ષથી મોટી ઉંમરના લોકોને થાય છે.

(4) આ રોગનું એક કારણ 'જનીન' હોય શકે છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (2) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ અલ્ઝાઈમર એ એક પ્રકારનો 'ન્યુરો–ડિજનરેટીવ' રોગ છે. જેમાં મગજના કોષોને અસર થાય છે. શરૂઆતમાં તે ધીમે ધીમે પ્રસરે છે અને સમય જતાં તે વધુ ખરાબ બને છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ રોગનું મુખ્ય લક્ષણ તાજેતરની કે અન્ય ઘટનાઓને યાદ રાખવામાં તકલીફ પડવી છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ રોગ વધુ પ્રસરતાં ભાષામાં મુશ્કેલી આવવી, ડિસઓરીએન્ટેશન, મુડ સ્વીંગ, પ્રેરણાનો અભાવ, પોતાની જાતનું ધ્યાન ન રાખવું વગેરે જેવાં લક્ષણો જોવા મળે છે. સમય જતાં અંતે મૃત્યુ પણ થાય છે.

⇛ આ રોગ મુખ્યત્વે 65 વર્ષથી વધુ ઉંમરના લોકોને થાય છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ રોગ થવાના કારણો હજુ સુધી સંપૂર્ણ રીતે સમજી શકાયા નથી પરંતુ નીચેના કારણોથી આ રોગ થઈ શકે છે :

- જનીનના કારણો (જીનેટીક પ્રોબ્લેમ)
- માથા પર ઘા લાગવો
- ડિપ્રેશન
- હાયપર ટેન્શન

(આથી, વિધાન (4) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE | icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT